* D R - 1 9 0 7 0 6 0 1 0 6 4 3 0 0 *

**DR-19070601064300** Seat No. ________

# B. R. S. (Sem. VI) (CBCS) Examination

**April - 2022**

**Gujarati : (Core-622)**

***(અપઠિત - નિબંધ, કાવ્ય આસ્વાદ, ગદ્ય વિવરણ ગુજરાતી)***

*(New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) દરેક પ્રશ્નની સામે ગુણાંક દર્શાવેલ છે.

(2) કુલ પાંચ પ્રશ્નો છે.

(3) માંગ્યા પ્રમાણે ઉત્તર આપો.

**1** નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો. **15**

ખોબો ભરીને અમે એટલું હસ્યાં,
કે કૂવો ભરીને અમે રોઈ પડ્યાં,
ખટ મીઠાં સપનાઓ ભૂરાં ભૂરાં,
કુંવારાં સોળ વરસ તૂરાં તૂરાં,
અમે ધુમ્મસના દરિયામાં એવાં ડૂબ્યાં,
કે હોડી-ખડક થઈ અમને નડ્યાં,
ખોબો ભરીને અમે એટલું હસ્યા....
ક્યાં છે વીંટી અને ક્યાં છે રૂમાલ ?
ઝૂરવા કે જીવવાનો ક્યાં છે સવાલ !
કૂવો ભરીને અમે એટલું રડ્યાં,
કે ખોબો ભરીને અમે મોહી પડ્યાં,
ખોબો ભરીને અમે એટલું હસ્યા......

- જગદીશ જોશી

**અથવા**

1 નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો. 15

નિર્દોષ ને નિર્મળ આંખ તારી,
હતી હજી યૌવનથી અજાણ,
કીધો હજી સાસરવાસ કાલે
શૃંગાર તે પૂર્ણ ચિંતામહી કર્યો !
કુણી હજી દેહલતા ન પાંગરી;
કૌમાર આછું ઊઘડ્યું ન ઊઘડ્યું,
પ્હેરી રહે જીવન ચુંદડી જરી;
સરી પડી ત્યાં તુજ અંગથી એ !
સંસારના સાગરને કિનારે;
ઊભા રહી અંજલિ એક લીધી,
ખારું મીઠું એ સમજી શકે ત્યાં
સરી પડ્યો પાય સમુદ્રની મહી !
છો કાલ આવે, શિશિરો ય આવે;
ને પુષ્પ કુણા દાવમાં પ્રજળે,
સુકો મળી દેહ કળી અરે ખરે;
વસંતની ફૂંક મહી ખરી પડી !

- હરિચંદ્ર ભટ્ટ

2 ટૂંકનોંધ લખો : (કોઈપણ **ત્રણ**) 15

(1) ગુજરાતી પ્રવાસ નિબંધ સાહિત્યની લાક્ષણિકતાઓ.
(2) કહેવત આધારિત ગુજરાતી નિબંધ સાહિત્યની લાક્ષણિકતાઓ.
(3) સાંપ્રત સમસ્યા વિષયક નિબંધોનું સ્વરૂપ.
(4) રાજકારણ વિષયક ગુજરાતી નિબંધ અને તેના અભિગમો.
(5) સામાજિક નિબંધનાં વિવિધ વિષયોની છણાવટ.

3 નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : 15

સાહિત્ય એ જીવનનું પ્રતીક છે. જીવન નિરોગી, પ્રસન્ન, સેવાપરાયણ, પ્રેમપૂર્વક અને પરાક્રમી હોય તો તેનાં બધાં જ વ્યાપાર આકર્ષક અને પ્રભાવશાળી થવાના. જે વિચારમાં આર્યતા છે, ઉદાત્તતા છે અને સર્વમંગલ કાર્ય કલ્યાણની ભાવના છે, તેનું શબ્દશરીર એની મેળે જ ભાવગંભીર, લલિત, કોમળ અને પ્રસાદપૂર્ણ થવાનું જ કેવળ સાહિત્યની ઉપાસના કરીએ તો સાહિત્યની સુંદરતા એની મેળે ફૂટી નીકળે છે. સાહિત્યની ઉન્નતિ કરવી હોય તો જીવનની ઉન્નતિ કરીએ. સાહિત્ય એ જીવનની છાયાં છે, જીવનની સુંગધ છે.

- કાકાસાહેબ કાલેલકર (દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર)

**અથવા**

3 નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : 15

કવિ દ્રષ્ટા, તત્વજ્ઞ કે પયંગબરથી જુદો પડે છે. પયંગબર સત્યની પ્રભુના શબ્દ તરીકે ઘોષણા કરે છે. પોતે સંદેશાવાહક હોય છે. કવિ સત્યને એની સૌદર્યશક્તિ દ્વારા જ જુએ છે. તત્વજ્ઞનું કાર્ય સત્યના અંશોને બૌદ્ધિક સંબંધમાં ગોઠવીને વિવેક કરવાનું હોય છે. કવિનું કર્તવ્ય અંશોને સમગ્રતયા અખિલાઈમાં જોઈ તેને અભિવ્યક્ત કરવાનું હોય છે. આ રીતે કવિ દ્રષ્ટા, તત્વજ્ઞ કે પયંગબરથી જુદો પડે છે.

- ઉમાશંકર જોષી

4 નીચેનો નિબંધ લખો : 15

સાહિત્યકળા અને જીવન કળાનો સંબંધ

**અથવા**

4 નીચેનો નિબંધ લખો :

વર્તમાન શિક્ષણ પદ્ધતિ : સિદ્ધ અને મર્યાદાઓ.

5 નીચેનો નિબંધ લખો : 10

મારા પ્રિય સાહિત્યકાર

**અથવા**

5 નીચેનો નિબંધ લખો :

ટેલિવિઝનના લાભાલાભ